# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૨૬ તા.૧૩-૦૬-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષયઃ- બિપરજોય વાવાઝોડા અને આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઈ વિદ્યાર્થી વાલી શિક્ષક અને જાહેરહિતને નુકસાન ન થાય તે રીતે તકેદારીના પગલાં ભરવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકોને ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંભવિત બિપરજોય વાવાઝોડાં અને આગામી ચોમાસાની ઋતુને ધ્યાનમાં લઈ વિદ્યાર્થી વાલી શિક્ષક અને જાહેરહિતને નુકસાન ન થાય તે રીતે તકેદારીના પગલાં સ્વરૂપે ગંભીરતાપૂર્વક નીચેના સૂચનોનું પાલન કરવાનું રહેશે.

૧. શાળાના મકાનનો કોઈપણ ભાગ જર્જરિત અથવા તો નુકશાનગ્રસ્ત દેખાતો હોય અથવા નુકશાનગ્રસ્ત થાય તો તેવા ભાગને કોર્ડન કરી બાળકો તે તરફ ન જાય તે માટે સૂચકદર્શક બોર્ડ લગાવી આડસ ઉભી કરવી.

૨. શાળાના ધાબા ઉપર કોઈપણ પ્રકારની છુટક વસ્તુઓ એટલે કે તુટેલી બેન્ચીસ, તુટેલાં પતરાં, પ્લાસ્ટીકના ડ્રમ કે ભારે પવનને કારણે ઉડી જાય તેવી વસ્તુઓનો નિકાલ કરવો અથવા તાકીદે એક રૂમમાં સામાન ભરી તાળુ મારવુ.

૩. અગાસી ઉપર તાકીદે સાફસફાઈ કરી પાણી ભરાઈ ન રહે તેની ખાસ તકેદારી રાખવી.

૪. શાળામાં ઈલેકટ્રીવાયર, લટકતા જીવંત વાયર કે ભેજ આવી કરંટ લાગે તેવી સ્વીચો રીપેર કરાવવી.

૫. શાળાના પ્રાંગણમાં આવેલા મોટાવૃક્ષો કે નમી પડેલી ડાળીઓનું તાકીદે ટ્રીમીંગ કરાવવા ગાર્ડન ખાતામાં રૂબરૂ મળી યોગ્ય વ્યવસ્થા કરવી.

૬. શાળા કક્ષાએ વાવાઝોડાં સંદર્ભે લાઈટ, પંખા, વૃક્ષો, શેડ તેમજ આસપાસના પરિસરમાં કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે અગમચેતીના પગલાં લેવાના રહેશે

૭. શાળાના પ્રાંગણમાં કયાંય પાણી ભરાઈ રહેતું હોય તો તેનો નિકાલ કરવો અને બાળકો તે તરફ ન જાય તેની તકેદારી રાખવી.

૮. શાળાના પ્રાંગણમાં કે શાળાને અડીને આવેલ વીજ થાંભલાઓ તરફ બાળકો જાય નહી તેની તકેદારી રાખવી.

૯. પાણીની મોટર ભીના હાથે ચાલુ ન કરવી અને કરંટ ન લાગે તેની તકેદારી રાખવી.

૧૦. શાળામાં પગી/સિકયુરીટી/ચોકીદારને રાઉન્ડ ધ કલોક શાળામાં હાજર રહે તે માટે કડક સૂચના આપવી અને તેઓના ફોન નંબર હાથવગા રાખી આકસ્મિક સંજોગોમાં ત્વરીત સંપર્ક કરી આનુષાંગિક કાર્યવાહી કરાવવી.

૧૧. શાળામાં કોમ્પ્યુટર લેબ, ફ્યુચર કલાસરૂમ કે સ્માર્ટ પેનલ વગેરે ચોમાસામાં પલળે નહી તે રીતે સલામતીપૂર્વક સાચવવા.

૧૨. શાળાના બાળકો ઘરેથી શાળામાં આવતા જતા સલામતીપૂર્વક આવન જાવન કરે તે માટે પ્રાર્થનાસભામાં સૂચના આપવી.

૧૩. આકસ્મિક સંજોગો ઉભા થાય તે સમયે જવાબદાર અધિકારીના સંપર્કમાં રહી તાત્કાલિક ધોરણે આપવામાં આવતી ટેલિફોનિક,વોટસએપ મેસેજ કે અન્ય કોઈપણ માધ્યમથી અપાયેલી સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

તા.૧૩-૦૬-૨૦૨૩

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી